**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૬ ટકા

# શહેરની યુવતિઓમાં લાઈટવેઈટ ચણિયાચોળીનો ટ્રેન્ડ





## સલ્બ રેયોન ચણિયા સાથે શિફોન-જોર્જટ દુપટ્ટા ટ્રેન્ડમાં

ગાંધીનગર, તા.૧૭

નવરાત્રિમાં સજવા સજ્જ ખેલૈયા માટે હાલ નીતનવા ચણિયાચોળી બજારમાં આવી રહ્યા છે. પહેલા જેમ ભરત ભરેલા ચણિયાચોળીનો ક્રેઝ હતો એમ આજે સીમ્પલ લાઈટવેઈટ ચણિયાચોળી ટ્રેન્ડમાં છે. ચણિયો, દુપટ્ટો અને બ્લાઉઝ મિસ મેચ કરીને પહેરવું હાલ નવું ગણાય છે. દુપટ્ટા ખાસ શિફોન અને જોર્જટના તથા બ્લાઉઝ સિલ્કના ઓનડિમાન્ડ છે.

નવરાત્રિમાં મળતી ચણિયાચોળીની પેર હજી વેચાણમાં તો છે જ પરંતુ દર વર્ષે જુદા જુદા ટ્રેન્ડ આવતા જાય છે. આ વર્ષે સિમ્પલ પ્લેઈન અને ફલોરલ પ્રિન્ટ સાથે ઈક્કત પ્રિન્ટના ચણિયા ઓન ડિમાન્ડમાં છે. આ વર્ષે દુપટ્ટામાં શિફોન-જોર્જટમાં કચ્છી અને ગામઠી વર્કવાળા દુપટ્ટા સાથે કોટન દુપટ્ટા, નેટના દુપટ્ટા, સેમી સિલ્કના દુપટ્ટા બજારમાં ઉપલબ્ધ છે. શિફોન-જોર્જટના દુપટ્ટાનો મલ્ટીપરપઝ યુઝ થાય છે જે ચણિયાચોળી સાથે તેમજ ડ્રેસ સાથે પણ પહેરી શકાય છે.

ચણિયામાં ખાસ ફલોરલ પ્રિન્ટના ચણિયા, ગજી સિલ્ક, બે લેયરવાલા ચણિયા, નિયોન કલરવાળા, બ્લોક પ્રિન્ટ, બાટીક, ગજી સિલ્ક, રો-સિલ્કના ચણિયા હાલ બજારમાં વેચાઈ રહ્યા છે.

ઘણા શહેરીજનો સિમ્પલ પણ ટ્રેન્ડી લુક પસંદ કરે છે તેમના માટે સલ્બ રેયોન ચણિયો ખાસ ઉપલબ્ધ છે. આ ઉપરાંત એવરગ્રીન બાંધણી અને લહેરીયુ દુપટ્ટો વીથ લેસ નવા નવા કલર સાથે બજારમાં વિવિધ જગ્યાએ વેચાણમાં છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- ડ્રીમગર્લ
૮.૫૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૫, ૭.૫૫, ૧૦.૧૫, ૧૦.૪૫
- સેક્શન ૩૭૫
૯.૦૦, ૨.૪૦, ૮.૦૫, ૧૦.૪૦
- બાદશાહ પહેલવાન
૯.૦૫, ૩.૪૫, ૭.૦૦
- હંગામા હાઉસ (ગુજરાતી)
૫.૧૫
- ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૧૧.૩૫
- છીછોરે
૯.૩૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
- સાહો
૧૨.૨૦, ૩.૫૫
- મિશન મંગલ
૯.૪૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- ડ્રીમગર્લ
૮.૫૫, ૯.૫૫, ૧૧.૩૦, ૧૨.૪૦, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૫, ૭.૫૫, ૯.૩૫, ૧૦.૪૫
- સેક્શન ૩૭૫
૯.૦૦, ૧૧.૨૫, ૪.૪૫, ૧૦.૧૫
- બાદશાહ પહેલવાન
૯.૧૦, ૩.૫૦, ૧૦.૩૦
- ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૬.૫૦
- છીછોરે
૯.૫૦, ૧૨.૫૦, ૩.૫૦, ૭.૨૦, ૧૦.૦૦
- સાહો
૧૨.૨૫, ૭.૦૫
- મિશન મંગલ
૨.૦૦

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

- સેક્શન ૩૭૫
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
- છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૨૦
- સાહો
૧૨.૫૫
- બાદશાહ પહેલવાન
૧.૧૦, ૭.૧૦
- ડ્રીમગર્લ
૯.૦૦, ૧૦.૦૫, ૧૧.૫૦, ૨.૪૦, ૪.૩૦, ૫.૩૦, ૭.૨૦, ૮.૨૦, ૧૦.૧૦, ૧૧.૧૦

### સિટી પલ્સ, કુડાસણ

- ડ્રીમગર્લ
૪.૦૦, ૧૨.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
- છીછોરે
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
- સેક્શન ૩૭૫
૧૦.૦૦, ૧૨.૪૫
- સાહો
૩.૦૦, ૯.૩૦
- પહેલવાન
૬.૩૦
- ચાલ જીવી લઈએ
૧૧.૪૫
- ચાસની (ગુજરાતી)
૨.૧૫
- મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)
૫.૦૦
- મિશન મંગલ
૭.૩૦

## વાયુશકિતનગર ખાતે મહિલાઓ દ્વારા હિન્દી દિવસની જોશભેર ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ખાતેના એરફોર્સ વાઈવ્ઝ વેલ્ફેર એસોસિએશન દ્વારા વાયુશકિતનગર ખાતે હિન્દી દિવસના ઉપક્રમે સાઉથ વેસ્ટર્ન એરકમાન્ડ (સ્વાક)ની તમામ સંગીની મહિલાઓ માટે ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'આફવા'ના સ્થાનિક પ્રમુખ




બલજિત કૌર ઉપસ્થિત રહ્યા હતા. સંગીની મહિલાઓ દ્વારા આ ઉજવણી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો અને શાયરી તથા કવિતાઓની પ્રસ્તુતિ કરી હતી.

હિન્દી દિવસની ઉજવણીના ઉપક્રમે 'આફવા'ના પ્રમુખ બલજિત કૌરે સંગીની મહિલાને આસપાસમાં 'સ્વચ્છતા' જાળવણી પ્રત્યે ધ્યાન આપવા, વરસાદી પાણીનો સંગ્રહ-નિયમન કરવા તથા પ્લાસ્ટિકના લઘુત્તમ ઉપયોગ માટે અનુરોધ કર્યો હતો. તેમણે ઉપસ્થિત તમામ મહિલાઓને આ ક્ષેત્રે પોતાના પ્રમાણમાપ જાતે જ નક્કી કરી કાર્યરત થવા અને રાષ્ટ્રવ્યાપી ચળવળમાં પોતાનો ફાળો આપવા જણાવ્યું હતું. કાર્યક્રમના સમાપને તેમણે વિજેતાઓને ઈનામોથી સન્માનવા સાથે તમામ સ્પર્ધકોના પરફોર્મન્સને વખાણ્યું હતું. 'આફવા'ના આ પ્રકારના કાર્યક્રમના પ્રથમ પ્રયાસની સૌ કોઈએ પ્રસંશા કરી હતી.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને તેમના દિર્ઘાયુ માટે ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર દ્વારા હવનનો કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે શ્રમજીવીઓને આયુષ્યમાન ભારત કાર્ડનું વિતરણ કરાયુ હતું અને માતાપિતા વિહોણા બાળકોને નગરયાત્રા કરાવી હતી. આ કાર્યક્રમમાં મનપાના મેયર, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન, પૂર્વ મેયર, પૂર્વ ધારાસભ્ય વાડીભાઈ પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે તેમજ ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સે-૨૬ સમસ્ત બ્રહ્મસમાજના તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

### કાર્યક્રમમાં સંસ્થાની નવિન કારોબારીના હોદ્દેદારોની પણ વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના શ્રી સમસ્ત બ્રહ્મ સમાજની સેકટર-૨૬ની પાંખ દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શિવ અભિષેક સહ શિવ આરાધનાની ઉજવણી નિમિત્તે તેજસ્વી વિદ્યાર્થી સન્માન તથા નવા હોદ્દેદારોની વરણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે બ્રહ્મસમાજના અગ્રણીઓ નિશિત વ્યાસ, જગદીશભાઈ, વિષ્ણુભાઈ જાની, રજનીકાંત દવે તથા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં જુ.કે.જી.થી માંડીને ધો-૧૨ અને વિવિધ ક્ષેત્રે નિષ્ણાતની પદવી પ્રાપ્ત કરનાર વ્યકિતઓને વિશિષ્ટ સન્માનથી નવાજવામાં આવી હતી. આ સાથે સમાજના નવા હોદ્દેદારોમાં પ્રમુખપદે દિનેશ જાની, ઉપપ્રમુખ પદે ડૉ. દિવ્યેશ શાસ્ત્રી તથા શૈલેષ દવે, મંત્રી પદે ક્રિષ્ણા રાવલ, સહમંત્રી પદે નીતિન ઠાકર, ખજાનચી પદે નરેન્દ્ર રાવલની વરણી કરાઈ હતી. આ ઉપરાંત જયંત રાવલ, રાજન ત્રિવેદી, આશુતોષ ત્રિવેદી, તુષાર શુકલ, અજય શુકલ, કૌશિક જાની, નવિન ત્રિવેદ, મિતેષ વ્યાસ, તિર્થ ત્રિવેદી વગેરેનો કારોબારીમાં સમાવેશ કરાયો હતો. કાર્યક્રમના પ્રારંભે ભરતભાઈ રાવલે ૧૦ વર્ષથી પારાની શિવલિંગની બ્રહ્મબંધુઓના ઘરે થતી શિવ આરાધના સહિતની માહિતી આપી હતી. કાર્યક્રમમાં શિવ આરાધના સમિતિ અને સલાહકાર સમિતિની પણ રચના કરવામાં આવી હતી. કાર્યક્રમના આયોજન માટે વિદાય લઈ રહેલી કારોબારી સમિતિના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.






ટ્રાફિકના નવા નિયમો પ્રમાણે જો પીયુસી સર્ટીફીકેટ પ્રથમવાર નહીં હોય તો ૫૦૦ રૂ. અને બીજીવાર ૧૦૦૦ રૂ. દંડ છે ત્યારે ટ્રાફિકના નવા નિયમોના કડકાઈથી અમલ શરૂ થાય તે પહેલાં જ વાહનચાલકો એકાએક એલર્ટ મોડમાં આવી ગયા છે. સેકટર-૧૨ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલ પીયુસી સેન્ટર પર પીયુસી સર્ટીફીકેટ કઢાવવા માટે વાહનચાલકોએ ભીડ જમાવી હતી. સવારથી જ અહીં લાંબી લાઈન લાગી હતી.

## સિવિલ નવી બિલ્ડીંગમાં દર્દીઓના પાણીના પોકાર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી નવી બિલ્ડીંગ ખાતે પાણીના પોકાર ઉઠવા પામ્યા છે. સવારના સમયે નવી બિલ્ડીંગમાં પાણીના ધાંધીયા સર્જાય છે. પાણીની વિકરાળ સમસ્યાથી દર્દીઓ તેમજ સ્ટાફના કર્મચારીઓ પણ કંટાળી ગયા છે. સિવિલમાં નળમાં પાણી આવતા નથી અને છતમાંથી પાણી ટપકવાનું બંધ થતુ નથી. ત્યારે સિવિલમાં પાણીના બોર અને ઓપરેટર હોવા છતા યોગ્ય પાણી વિતરણ વ્યવસ્થા થઈ શકતી નથી તે દુખદ બાબત છે. ત્યારે પાણી માટે દર્દીઓએ સિવિલ સત્તાધિશોને પણ રજુઆત કરી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વપરાશ તેમજ પીવા માટેના પાણીની કઠીન સમસ્યા છે. નવી બિલ્ડીંગમાં આવેલા વિવિધ વોર્ડ અને ઓપરેશન થિયેટર સહિતના સ્થળો પર પાણીની જરૂરીયાત હોય છે. હાલના સમયે રોગચાળાની સિઝનની વચ્ચે સિવિલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ઝાડા-ઉલ્ટી, મેલેરીયા, ડેન્ગ્યું, ટાઈફોઈડ સહિત વાઈરલ બિમારીના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે નવી બિલ્ડીંગમાં પાણીના પોકાર ઉઠવા પામ્યા છે. સવારના સમયે કચરા-પોતા અને દર્દીઓને સ્નાન અને શૌચક્રિયા માટે પણ પાણી આવતું ન હોવાથી રોષ જોવા મળી રહ્યો છે. કેટલાક દર્દીઓના સગાઓએ તાજેતરમાં સિવિલના સત્તાધિશોને મળીને આ સમસ્યા અંગે વાત પણ કરી હતી. ત્યારે પાણી સવારના ૧૦ વાગે આવે છે. પાણીની ટાંકી ભરવામાં ન આવતા પાણી આવી રહ્યા નથી. ત્યારે સિવિલની લીફટ અને ઈલેકટ્રીક રૂમમાં પાણી ભરાઈ જાય છે ત્યારે એક તરફ પાણી આવી રહ્યા નથી જેને પગલે સ્ટાફના કર્મચારીઓ અને દર્દીઓ પરેશાનીનો સામનો કરે છે. ત્યારે સિવિલમાં લીફટમાં પાણી કયાંથી આવે છે તે આજદિન સુધી ખબર પડી નથી. સિવિલની છતમાંથી પણ પાણી ટપકવાની સમસ્યાઓ છે. વોર્ડમાં પાણી ટપકવાને પગલે ડોલ મુકવાની ફરજ પડી રહી છે. વરસતા વરસાદ વચ્ચે વોર્ડમાં દર્દીઓની હાલત કફોડી બની જાય છે. ત્યારે સિવિલની નવી બિલ્ડીંગમાં નળમાં પાણી આવતા નથી અને છતમાંથી પાણી ટપકે છે.

## વાયુસેના સંગઠનના ગુજરાત શાખાના નિર્માણ દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૭

વાયુસેના સંગઠનની ગુજરાત શાખા દ્વારા ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ વાર્ષિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. એર માર્શલ એચ.એસ. અરોરા અતિ વિશિષ્ટ સેવા મેડલ એડીસી, એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ, સાઉથ વેસ્ટર્ન એરકમાન્ડ ઉપરાંત એરફોર્સ ઓફિસર્સ વાઈવ્ઝ એસોસિએશનના પ્રાદેશિક પ્રમુખ બલજિત અરોરાએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ બેઠકનું આયોજન અને તા. ૧૫ સપ્ટેમ્બર ૧૯૮૦ના રોજ સ્થાપના થયેલા વાયુસેના સંગઠનના વાર્ષિક દિનનો સંયોગ હોવાથી બંનેની સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસને ફલેગ ડે તરીકે ઉજવવામાં આવે છે.

આ પ્રસંગે ગુજરાત શાખાના વાયુસેના સંગઠનના એરમાર્શલ પી.કે. દેસાઈએ તેમના દ્વારા કરવામાં આવેલા કાર્યોની સમીક્ષા રજૂ કરી હતી. એરમાર્શલ એચ.એસ. અરોરાએ પોતાના સંબોધનમાં વિવિધ યોજનાઓ દ્વારા એર વેટેરન્સ એટલે કે એર વિભાગના પીઢ લોકોના કલ્યાણની કામગીરીને પ્રોત્સાહન આપવાના દિશામાં કરેલી સક્રિય કામગીરીઓ બિરદાવી હતી. આ કામગીરીઓમાં એ.એફ.વી. રેસિડેન્સી ખાતે એરફોર્સ વેટેરન્સ એસોસિએશન દ્વારા ૨૪૦ અફોર્ડેબલ આવાસના એકમોનું નિર્માણ, અર્ચના આરોગ્ય અને અર્ચના સિનિયર વેટેરન્સ હોમ નામથી મફત મેડિકલ કન્સલ્ટેશન ક્લિનિકની રચનાની કામગીરી પણ સામેલ છે. એર માર્શલ એચ.એસ. અરોરાએ હવાઈદળ સંગઠનસ ગુજરાત શાખા દ્વારા વાયુસેનાના ભૂતપૂર્વ યોદ્ધાઓ અને કુદરતી આપત્તિઓમાં શહીદ થનારાઓની વિધવાઓને આપવામાં આવતી સહાય તેમના માટે યોગ્ય રોજગારીની તકો શોધવામાં મદદ, પીઢ કર્મચારીઓના પુનઃસ્થાપનમાં મદદ, મફત કાયદાકીય સહાય અને નાગરિકોમાં સંરક્ષણ સેવાઓ બાબતે જાગૃતિ ફેલાવવા અંગે કરવામાં આવતી કામગીરીની પણ પ્રશંસા કરી હતી. આ પ્રસંગે એરમાર્શલ એચ.એસ. અરોરાએ સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ તરફથી ગુજરાત શાખાના એર વેટેરન્સના કલ્યાણ અર્થે પ્રાપ્ત થયેલા ભંડોળનો ચેક એનાયત કર્યો હતો.

## સંસ્કાર અને સંબંધના મૂલ્યને ઉજાગર કરતુ સામાજિક નાટક "લાવ હાથ માંગુ તારો સાથ" ભજવાયુ



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં તા. ૧૪મી સપ્ટેમ્બર શનિવારે રાત્રે સેક્ટર-૧૭માં ટાઉનહોલ ખાતે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી જવનિકા આર્ટ ફાઉન્ડેશન દ્વારા યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અક્ષય પટેલ લિખિત-દિગ્દર્શિત સામાજિક કોમેડી નાટક "લાવ હાથ માંગુ તારો સાથ"નું મંચન કરવામાં આવ્યું હતું. સંબંધોના સરવાળાને સમજાવી પારિવારિક ભાવનાનું મહત્વ ઉજાગર કરતા આ હાસ્યસભર નાટકને મોટી સંખ્યામાં દર્શકોએ માણ્યુ હતુ અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધુ હતુ. નાટકના પ્રારંભ પૂર્વે શહેરના મેયર રીટાબેન પટેલ સહિત આમંત્રિત મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યુ હતુ.

"લાવ હાથ માંગુ તારો સાથ" નાટકમાં અક્ષય પટેલ, તુષાર ત્રિપાઠી, અભિજ્ઞા મહેતા, દીપા ત્રિવેદી, વિજય દેસાઈ, અભય નાગર, સુહીન ઘોરી, કાજલ સોની, અર્થ જોષી અને વિરલ વ્યાસે જીવંત અભિનય આપ્યો હતો જયારે નાટકનું ક્રિએટીવ દિગ્દર્શન પાર્થ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. નાટકમાં સંસ્કાર સિંચનથી સુગઠિત એક પરિવાર દ્વારા પ્રાશ્ચાત સંસ્કૃતિથી પ્રભાવિત યુવતિને સંબંધોનું મૂલ્ય સમજાવતી વાર્તા સાથે સંપૂર્ણ પરિવાર એક સાથે બેસીને માણી શકે તેવી હલ્કી-ફુલ્કી કોમેડીને આબાદ વણી લેવામાં આવી હતી જેને કલાકારોના આબાદ ટાઈમીંગે માણવા યોગ્ય બનાવી હતી.

## બે રકતદાન કેમ્પમાં ૫૧ બોટલ રકત મળ્યું

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે મનપાની કચેરી તથા કોમર્સ કોલેજ ખાતે યોજાયેલ બે રકતદાન કેમ્પમાં ૫૧ બોટલ લોહી એકત્ર થવા પામ્યું છે.

શહેર ભાજપ દ્વારા મનપાની કચેરી ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૨૮ બોટલ રકત એકત્ર થયું હતું. સહકારી અગ્રણી કેતન પટેલ, કાઉન્સીલર હર્ષાબા ધાંધલે પણ આ રકતદાનમાં રકતદાન કર્યું હતું.

જયારે કોમર્સ કોલેજ ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૨૨ બોટલ રકત એકત્ર થયું હતું. અહીં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ.અરજણજી કરણાજી ચાવડા, ઉ.વ. ૮૯
- સ્વ. મશરૂભાઈ લખુભાઈ ગોલધર, ઉ.વ. ૭૫
- સ્વ. પટેલ અંબાલાલ શંભુભાઈ, ઉ.વ. ૮૯